### ડોકટરોએ નિ:શુલ્ક સેવા આપી

# છોડવડીમાં નિદાન કેમ્પ, 400 દર્દીઓને સારવાર

## વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટ દ્વારા આયોજન

હેલ્થ રિપોર્ટર | ભેંસાણ

છોડવડી ગામ સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો અને ડોકટરો દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવી હતી. છોડવડી ગ્રામ પંચાયત તેમજ વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટ રાજકોટ દ્વારા સરદાર પટેલ શાળામાં સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું. અને 400 દર્દીઓને ગરાના હોસ્પિટલ ધોરાજીમાં ડોકટરોની ટીમ દ્વારા નિ:શુલ્ક નિદાન સારવાર આપવામાં આવી હતી. આ કેમ્પને સફળ બનાવવા સરપંચ રમેશભાઈ કોઠીયા, ભરતભાઈ હિરપરા, નાગજીભાઈ પોકીયા સહીતનાઓએ જહેમત ઉઠાવી હતી.

આમ સરદાર પટેલ શાળામાં યોજાયેલ સર્વરોગ નિદાન કેમ્પમાં આસપાસનાં ગ્રામ્ય વિસ્તારનાં દર્દીઓએ લાભ લીધો હતો અને ડોકટરોએ પણ નિ:શુલ્ક સેવા આપી દર્દીઓના આરોગ્યની તપાસણી કરી હતી.